નગર પ્રવાહ...

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૭.૫ ડીગ્રી
લઘુતમ : ૨૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૫૦ ટકા

# ગાંધીનગરમાં મોબાઈલ ઈન્ટરનેટ સ્પિડમાં ઘટાડો



## ખાસ વોડાફોનનું નેટવર્ક નવા સેકટરોમાં હોવા ના હોવા બરાબર : ઈન્ટરનેટની સ્પિડમાં પણ ઘટાડો

ગાંધીનગર, તા.૧૮

છેલ્લા કેટલાક વર્ષોથી ઈન્ટરનેટનું માધ્યમ બાળકોથી લઈ મોટેરાઓને ઘણું ઉપયોગી થઈ રહ્યું છે. વિશ્વ એક હથેળીમાં છે તેમ કહી શકાય. શહેરમાં પણ સરકાર દ્વારા જાહેર જનતા માટે સેકટરોમાં ફ્રી વાઈફાઈ સુવિધા અપાઈ છે પરંતુ પ્રાઈવેટ કંપની દ્વારા ન અપાઈ રહેલા નેટવર્કથી શહેરીજનો પરેશાન છે. ખાસ કરીને વોડાફોન અને આઈડિયા મર્જ થઈ ગયા પછી વોડાફોનના નેટવર્કની સ્પિડ સખત ઘટી ગઈ છે.

મોબાઈલ ઈન્ટરનેટની સ્પિડમાં ઘટાડો થતા શહેરીજનો પરેશાન છે. હાલમાં જ આવેલા રિપોર્ટ મુજબ ભારત ફકત ૧૦.૮૩ એમબીપીએસની સ્પિડ સાથે વિશ્વમાં ૧૨૬મા ક્રમે છે અને સૌથી વધુ ઈન્ટરનેટનો ઉપયોગ પણ ભારતમાં જ થાય છે.

શહેરમાં વોડાફોન, એરટેલ જેવા પ્રાઈવેટ નેટવર્કની સ્પિડ ઘટી રહી છે અને જયારે વોડાફોનનું મર્જર આઈડિયા સાથે થતા ઈન્ટરનેટ સ્પિડ અને નેટવર્કમાં ઘટાડો થઈ ગયો છે. શહેરીજનો અને ખાસ કરીને કોલજમાં ભણતા વિદ્યાર્થીઓની ફરિયાદ વધુ છે કે નેટવર્ક અચાનક જતું રહે છે અથવા તો ઓછું થઈ જાય છે. આ ઉપરાંત નવા સેકટરોમાં નેટવર્કની કનેકટીવીટી તદ્દન ઓછી છે. જેને લીધે ફોન ન લાગવા અથવા તો વગર કારણોસર ફોન બંધ આવવાની પરિસ્થિતિ સર્જાય છે. ઈન્ટરનેટની સ્પિડ અમુક જગ્યાએ ફોરજી નહી પણ થ્રીજી જેટલી જ આવે છે. તેમાંય નવા સેકટરોમાં તો તેના માટે પણ ફાંફા છે. કાર્ડ ધારકોના કહ્યા મુજબ કંપની ફોરજીની સ્કિમો તો આપે છે પરંતુ અનેક વાર બફર્સ થાય છે. જો જલ્દીથી મોબાઈલ ઓપરેટર દ્વારા કાંઈ પગલા નહીં લેવાય તો અમે ઓપરેટર બદલી નાંખીશું.

## @ગાંધીનગર

● સાંજે ૫ થી ૫.૩૦ કલાક દરમિયાન સે-૨૧ શ્રી ગોવર્ધનાથજીની હવેલી ખાતે સુરંગના હિંડોળાના દર્શન યોજાશે.

● સાંજે ૫ થી ૮.૧૫ કલાક દરમિયાન સે-૨૩ સ્વામિનારાયણ મંદિર ખાતે બહુવિધ બટન શોભા હિંડોળાના દર્શન યોજાશે.

● સે-૧૭ ટાઉનહોલ ખાતે રાત્રે ૯ કલાકે ‘વરૂ જોડે એક રાત’ નાટક યોજાશે.

● ભાજપ વોર્ડ-૩ કાર્યાલય શોપિંગ સેન્ટર સે-૨૨ ખાતેથી સવારે ૮.૩૦ કલાકે ભવ્ય રોડ શો/રેલી યોજાશે.

## ૨૦મી જુલાઈના રોજ ગાંધીનગર જિલ્લાનાં આધાર કેન્દ્રો બંધ રહેશે

ગાંધીનગર, તા.૧૮

આથી ગાંધીનગર જિલ્લાની જાહેર જનતાને અધિક કલેકટરશ્રી (યુ.આઈ.ડી.) જીએસઆઈડીએસ – ગાંધીનગર દ્વારા જણાવવામાં આવ્યુ છે કે ગાંધીનગર જિલ્લામાં આધાર કાર્ડ માટે કાર્યરત આધાર નોંધણી કેન્દ્રનાં તમામ ઓપરેટરોની તા. ૨૦/૦૭/૨૦૧૯ના રોજ રીટ્રેનીંગ હોવાથી ગાંધીનગર જિલ્લાનાં કલેકટરશ્રી હસ્તકનાં કલોલ, માણસા, દહેગામ અને ગાંધીનગરના આધાર કેન્દ્રો તા. ૨૦/૦૭/૨૦૧૯ને શનિવારના રોજ બપોરે ૧૨.૦૦ કલાક બાદ બંધ રહેશે. ત્યારબાદ સોમવાર તા. ૨૨/૦૭/૨૦૧૯થી જિલ્લાનાં આ તમામ આધાર કેન્દ્રો રાબેતા મુજબ ચાલુ રહેશે. જેની નોંધ જાહેર જનતાને લેવા નિવાસી અધિક કલેકટરશ્રી અને નોડલ ઓફિસર યુઆઈડી ગાંધીનગર દ્વારા એક યાદીમાં જણાવાયું છે.

## કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા સંચાલિત પોસ્ટ ગ્રજ્યુએશન ડિપ્લોમા ઈન જર્નાલિઝમાં દિવ્ય ત્રિવેદી સમગ્ર યુનિવર્સીટીમાં પ્રથમ



ગાંધીનગર, તા.૧૮

કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા સંચાલિત પોસ્ટ ગ્રજ્યુએશન ડિપ્લોમા ઈન જર્નાલિઝમ વિભાગમાં ૨૦૧૮-૧૯ ના વર્ષમાં દિવ્ય અશ્વિનભાઈ ત્રિવેદીએ સમગ્ર યુનિવર્સીટીમાં પ્રથમ ક્રમાંક હાંસલ કરેલ છે. દિવ્ય ત્રિવેદી હાલમાં શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજ્યકક્ષામાં યુવા સંગઠન મંત્રી તરીકેની જવાબદારી નિભાવી રહ્યા છે તદુપરાંત સાઉથ એશિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, અલ્મા ફાઉન્ડેશન વગેરે સામાજિક અને જાહેરજીવનમાં સક્રિય ભૂમિકા અદા કરી રહ્યા છે. શ્રી દિવ્ય એ હાલમાંજ સાયબર ટીવીમાં ગુજરાતના તંત્રી તરીકેની જવાબદારી સ્વીકારી છે. આ તબ્બક્કે કદી સર્વ વિશ્વવિદ્યાલયના માર્ગદર્શક કૃષ્ણકાંત જહા, આચાર્ય મિતેષ મોદી સહીત વિદ્યાર્થીઓ, મિત્રો અને સગાસંબંધી સહીત તમામ શુભેચ્છકોએ દિવ્ય ત્રિવેદીને અભિનંદન પાઠવ્યા હતા.

## સેકટર-૫માં પીવાના પાણીની પાઈપલાઈનમાં લીકેજથી મુશ્કેલી

ગાંધીનગર, તા.૧૮

સેકટ-૫-બી તથા ખ-રોડની લાઈનો લીકેજ હોવાથી સવારે પીવાના પાણીનો ધોધ રસ્તામાં વહે છે જેના લીધે પાણી તો વેડફાય છે અનો પાણીનો ફોર્સ ઘટી જાય છે. લીકેજ પાઈપલાઈનની સાથે પાણી સાથે માટી ભરાતા પાણી ડહોળું આવે છે જે આરોગ્ય માટે હાનિકારક છે. તંત્રને મૌખિક ધ્યાન દોરવા છતાં નિકાલ આવતો નથી. સે-૫માં પાણીની ટાંકી હોવા છતાં પાણીનો ફોર્સ ધીમો આવે છે. જરૂરીયાત પુરતું પીવાનું પાણી પણ ભરી શકાતું નથી આથી સે-૫ના એ-બી-સીની તમામ પાણી સપ્લાય લાઈનોની તપાસ કરી લીકેજ લાઈનો મરામત કરી પાણીનો ફોર્સ વધારવા સે-૫ વસાહત મંડળના પ્રમુખ કેસરીસિંહ બિહોલાએ વિનંતી કરી છે.

## ચૌધરી કોલેજ ખાતે નાણાંકીય જાગૃતિ અને તાલિમ પ્રોગ્રામ યોજાશે

ગાંધીનગર, તા.૧૮

આજે આંજણા કેળવણી મંડળ સંચાલિત ચૌધરી કોમર્સ કોલેજ ખાતે સવારે ૮ થી ૧૧ દરમિયાન મુંબઈની સંસ્થા દ્વારા નાણાંકીય જાગૃતિ અને ગ્રાહક તાલીમ પ્રોગ્રામ યોજાશે. જેનું આયોજન કોલેજના અધ્યાપક પ્રો. દિશા પોપટ દ્વારા તૈયાર થઈ રહેલ ગાંધીનગરના રહેવાસીઓની નાણાંકીય સાક્ષરતા અને રોકાણના વિકલ્પોના વિષય પરના શોધ નિબંધના ભાગરૂપે કરવામાં આવ્યું છે.

## કલરવ દ્વારા બાળસભ્યો માટે સેબલપાણીની મુલાકાત યોજાશે

ગાંધીનગર, તા.૧૮

કલરવ સંસ્થાના બાળમિત્ર સભ્યો માટે તા. ૧૧ ઓગષ્ટના રોજ સેબલપાણીની મુલાકાતે જવાનું આયોજન કરવામાં આવ્યુ છે. વર્ષ ૨૦૧૯-૨૦ માટે વાર્ષિક સભ્ય બનેલા બાળમિત્રો એ આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે રૂ. ૩૦૦ ટોકન પેટે સાંજે ૫ થી ૭ દરમિયાન સે-૨૨ ફિઝિયોથેરાપી સેન્ટર, પંચદેવ મંદિરની બાજુમાં ૨૫મી જુલાઈથી ૮મી ઓગષ્ટ ૨૦૧૯ સુધીમાં જમા કરાવવાના રહેશે. આ રકમ ભરી ટોકન મેળવવાનો રહેશે.

ટોકન મેળવેલ વાલીઓએ ૧૧મી ઓગષ્ટ ૨૦૧૯ના રવિવારના રોજ સવારે ૪.૫૦ કલાકે તેમના બાળકની સાથે તેઓની રૂચી મુજબ થોડો નાસ્તો, પાણીની બોટલ આપીને સે-૮ સેંટ ઝેવિયર્સ સ્કુલની બહાર દરવાજા નજીક કલરવના વોલન્ટિર્સને સોંપવાના રહેશે અને સદર સ્થળેથી રાત્રિના ૧૦ કલાકે બાળકને પરત લેવાના રહેશે તેમ કલરવ સંસ્થાના પ્રમુખ કમલ જૈન દ્વારા જણાવાયું છે.

## કડી કેમ્પસ ખાતે શિક્ષકો તથા વિદ્યાર્થીઓનું સન્માન






સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર.જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને એમ.બી. પટેલ કન્યા ઉચ્ચ માધ્યમિક શાળામાં ભારત વિકસ પરિષદના સંયુકત ઉપક્રમે ગુરૂપૂર્ણિમા પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં રમણભાઈ વી. પટેલ, રમેશભાઈ જી. પટેલ, અનિલભાઈ વી. પટેલને સન્માનપત્ર આપવામાં આવ્યું હતું તથા શાળાની દરેક ધોરણની પ્રથમ નંબર મેળવનાર વિદ્યાર્થીનીઓને સર્ટીફીકેટ આપી સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં ભારત વિકાસ પરિષદના પ્રમુખ મુકેશભાઈ રાવલ, દિપકભાઈ પટેલ, પરેશભાઈ દવે તથા અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સરોજીની ગૃહની કુમારી પ્રેક્ષા દ્વારા કરવામાં આવયું હતં. કાર્યક્રમમાં શાળાના આચાર્ય, સુપરવાઈઝર તથા શિક્ષકોનો પૂર્ણ સહયોગ રહ્યો હતો. કાર્યક્રમના અંતે ઉચ્ચ માધ્યમિક વિભાગના સુપરવાઈઝર રમેશભાઈ પટેલ દ્વારા સૌનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

## બેંક ઓફ બરોડા ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૧૮

૧૧૨મા સ્થાપના દિન નિમિત્તે બેંક ઓફ બરોડા ખાતે તા. ૨૦ જુલાઈના રોજ સવારે ૧૦ થી બપોરે ૪.૩૦ સુધી રોડક્રોસ સોસાયટીના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પ યોજાશે. જે ગાંધીનગરની ત્રણે બ્રાંચ વિધાનસભા, સે-૨૨ અને સરગાસણ બી.ઓ.બી. ખાતે એક જ સમયે યોજાશે જેમાં બેંકના કર્મચારીઓ સાથે બેંકના ગ્રાહકો પણ ભાગ લઈ શકશે તેમ રીજનલ હેડ મનિષ જે. પલાત દ્વારા જણાવાયું છે.

## સે-૧૬ ખાતેથી યુવતિ ગુમ થયેલ છે

ગાંધીનગર,તા.૧૮



ગાંધીનગર શહેરના સેકટર-૧૬ સરકારી સ્કુલ સામેના છાપરામાં રહેતી સોનિયા ડોટર-ઓફ ઓમકાર ચમેલીભાઈ બાવરીની દિકરી ગત તા.૭-૬-૧૯ ના રોજ આશરે બે વાગ્યાના અરસામાં સે-૧૬ સરકારી સ્કુલ સામેના છાપરામાંથી દુકાને જવાનું કહીને ઘરેથી નીકળી હતી અને ત્યારબાદ થી ઘરે પરત ફરી નથી. તેણી ઘઉંવર્ણની આશરે સાડા ચાર ફુટ ઉંચાઈ, મધ્યમ બાંધાની છે. તેણે ધોરણ-૪ સુધીનો અભ્યાસ કર્યો છે, તે ગુજરાતી, હીન્દી ભાષા જાણે છે. તેણીએ શરીરે ફુલભાતની ડીઝાઈનવાળો પંજાબી ડ્રેસ પહેર્યો છે. યુવતિના પિતાએ ગત તા. ૧૬-૭-૧૯ ના રોજ સેકટર-૨૧ પોલીસ મથકે જાણવા જોગ ફરીયાદ આપી છે. જેને પગલે પોલીસે તપાસ શરુ કરી છે. આ યુવતિ અંગે કોઈપણ વ્યકિતતને જાણ થાય અથવા માહિતી મળે તો તેઓએ તાત્કાલીક સેકટર-૨૧ પોલીસ મથકનો સંપર્ક કરવાનો રહેશે.

## બાળકોના સર્વાંગી વિકાસ અંગે તાલુકા આચાર્ય સંઘની બેઠકમાં ચર્ચા

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરના સેકટર-૫ ખાતે અર્બુદા ભવનમાં તાજેતરમાં યોજાયેલી તાલુકા આચાર્ય સંઘની બેઠકમાં નવા સત્રમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે ગહન ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ પ્રસંગે બાળકો રાષ્ટ્રીય વાતાવરણમાં રસ લેતા થાય તેમજ તેમના શિક્ષણનું સ્તર સુધરે તે માટે સકારાત્મક અને ઉપચારાત્મક પગલાં લેવા અંગે જેવા મહત્વના મુદ્દાઓની ચર્ચા હાથ ધરવામાં આવી હતી.

બાળક પોતાની શકિતઓને ઓળખી સ્વયંભૂ સ્વઓળખ કેળવી પોતાનું લક્ષ્ય નક્કી કરે તે



માટે તેમને તૈયાર કરવા, માધ્યમિક કક્ષા સુધી પહોંચ્યા પછી પણ અક્ષરજ્ઞાનમાં ઉણપ અંગે ઉપચારાત્મક પગલાં ભરવા જેવી બાબતો સાથે બાળકોના સર્વાંગી વિકાસ માટે કૌશલ્યપૂર્ણ શિક્ષણ લેતા થાય તે અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી તેવું તાલુકા આચાર્ય સંઘના પ્રમુખ સુરેશ ચૌધરીએ જણાવ્યું હતું.

## ચંદ્રાલા પાસેથી ઈનોવામાંથી ૧૯૨ વિદેશી દારૂની બોટલ ઝડપાઈ

ગાંધીનગર, તા.૧૮

ચિલોડા-હિંમતનગર હાઈ-વે પર આવેલા ચંદ્રાલા નાકા પોઈન્ટ પરથી ગતરોજ ચિલોડા પોલીસે ઈનોવા કારમાંથી ૧૯૨ બોટલ વિદેશી દારૂની પકડી પાડી છે.ચિલોડા પોલીસે વિદેશી દારૂ અને ઈનોવા ગાડી મળીને કુલ રૂ. ૭.૬૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી એક શખ્સની ધરપકડ કરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ચિલોડા ચંદ્રાલા નાકા પોઈન્ટ પરથી વાહન ચેંકીગ દરમિયાન દારૂનો જથ્થો પકડી પાડ્યો હતો. બુધવારના રોજ મોડી સાંજે પોલીસે એમ.એચ.૦૪. જી.ડી.-૪૭૯૦ નંબરની ઈનોવા કારને ઉભી રાખીને ચેક કરતા અંદરથી વિદેશી દારૂની ૧૯૨ બોટલ મળી આવી હતી. કાર ચાલકે ઈડરથી દારૂનો જથ્થો ગાડીમાં ભર્યો હતો અને નરોડા ખાતે પહોંચાડવાનો હતો. જયારે કાર ચાલક ઓઢવ ખાતે સ્મૃતિપાર્કમાં વસવાટ કરતો રાહુલ રોશનભાઈ રાજપૂત હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે કારમાંથી વિવિધ બ્રાન્ડની ૧૯૨ બોટલ કિ.રૂ.૬૭,૫૧૨ તેમજ ઈનોવા ગાડી, એક મોબાઈલ મળી કુલ રૂ. ૭,૬૯,૫૧૨ ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી એક શખ્સની અટકાયત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સંત રોહિદાસ સમાજ ખાતે હોદ્દેદારોની વરણી કરાઈ

ગાંધીનગર, તા.૧૮

સંત શ્રી રોહિદાસ સેવા સમાજ (ગુ) ગાંધીનગરની વર્ષ ૨૦૧૯-૨૦૨૦ના હોદ્દેદારોની તથા કારોબારી સભ્યશ્રીની ચૂંટણીમાં સંસ્થામાં હોદ્દેદારોની વરણી થઈ હતી.

જેમાં પ્રમુખ તરીકે નયનકુમાર ડી. ચૌહાણ, ઉપપ્રમુખ તરીકે ચંદ્રકાન્ત ડી. લેઉવા અને મહેશકુમાર એમ. આસોડીયા, મંત્રી તરીકે પી.ટી. અમીન, ખજાનચી તરીકે ગોવિંદભાઈ એમ. રાઠોડ, સહમંત્રી તરીકે બાબુભાઈ કે. પરમાર, રાજેન્દ્રકુમાર ડી. પરમાર-શિક્ષણમંત્રી અને કનુભાઆ આર. પાલેકર, આંતરિક ઓડિટર તરીકે જે.સી. પરમાર, સાંસ્કૃતિક અધ્યક્ષ તરીકે કિરણકુમાર જી. ચાવડા, સંગઠન અધ્યક્ષ તરીકે મનસુખભાઈ કે. પરમાર, ચેરમેન બાંધકામ ગોવિંદભાઈ આઈ. પરમાર, સલાહકાર તરીકે નાથુલાલ એચ. પરમાર ચૂંટાયા છે તેમ સંસ્થા દ્વારા જણાવાયું છે.

## બાપુ ઈન્સ્ટિટ્યુટ ઑફ ટેકનોલૉજીમાં પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે ‘ઈન્ડકશન’ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર-માણસા હાઈવે પર આવેલા બાપુ ગુજરાત નૉલેજ વિલેજ કેમ્પસની સંલગ્ન સંસ્થા શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યુટ ઑફ ટેકનોલોજીમાં ઈન્જિનિયરીંગના પ્રથમ વર્ષમાં પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓ માટે ‘ઈન્ડક્શન’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાત ટેકનોલોજી યુનિર્વસીટીના પ્રથમ વર્ષ ઈન્જિનિયરીંગના અભ્યાસક્રમના ભાગ રૂપે યોજાયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને ફિઝિકલ એકટીવીટી, પ્રોફેન્સીઅન્સી મોડ્યુલ, ક્રિએટીવ આટર્સ, ડિઝીટલ લિટરસી વગેરે જેવા વિષયોનું અધ્યયન કરાવાશે. આ પ્રકારના અધ્યયનનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં એન્જિનિયરીંગ અભ્યાસક્રમમાં આવતા અલગ-અલગ વિષયોની પૂર્વ માહિતી મેળવવાનો અને એન્જિનિયરીંગ અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક રસ




લેતા થાય તે હતો.

આ ઉપરાંત, કાર્યક્રમના પ્રથમ દિવસે સાયન્સ એન્ડ હ્યુમાનિઝ ડિપાર્ટમેન્ટના એચ.ઓ.ડી. ડૉ. મનિષા છાંટબાર તથા ડૉ. ચિંતન જોટાણીયા દ્વારા કૉલેજમાં રહેલા અલગ-અલગ ડિપાર્ટમેન્ટની માહિતી ઈન્જિનીયરીંગ અભ્યાસક્રમની માહિતી, ઈતર પ્રવૃત્તિઓ જેવી કે સ્પોટર્સ, કલ્ચરલ કાર્યક્રમો, એન.એસ.એસ., એન.સી.સી., કૉલેજમાં રહેલી સગવડતાઓ જેવી કે અલગ-અલગ કોર્સની અદ્યતન લેબ, હોસ્ટેલ, કેન્ટીન વગેરેની સંપૂર્ણ માહિતી આપી, વિદ્યાર્થીઓને આવકાર્યા હતા. ત્યારબાદ ડૉ. ઉજ્જવલ પંડિત દ્વારા ઈન્ડકશન પ્રોગ્રામમાં વિદ્યાર્થીઓએ કઈ કઈ પ્રવૃત્તિઓ કરવાની છે તેની વિગતવાર માહિતી આપી હતી. પ્રથમ દિવસના અંતે વિદ્યાર્થીઓને કૉલેજમાં રહેલા મિકેનીકલ ઈ.સી. કોમ્પ્યુટર, આઈ.ટી., સિવિલ અને સાયન્સ એન્ડ હ્યુમાનિટિઝ ડિપાર્ટમેન્ટની મુલાકાત કરાવી હતી.

સગ્રમ કાર્યક્રમનું સંચાલન સાયન્સ એન્ડ હ્યુમાનિટીઝના સમગ્ર સ્ટાફ દ્વારા કરવામા આવ્યું હતું. જ્યારે આ કાર્યક્રમનું આયોજન સંસ્થાના ડાયરેક્ટર પ્રો. રવિકુમાર તથા પ્રિન્સિપાલ ડૉ. કિંજલ અધ્વર્યુ દ્વારા કરવામાં આવ્યું હતું.

## આજે બાળ કિશોર નાટકોના પુસ્તક ‘હવે હું ચૂપ નહીં રહું’નું વિમોચન




ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર સાહિત્યસભાના પ્રમુખ નટવર હેડાઉ ‘વન વિહારી’ના તદ્દન નવા પુસ્તક ‘હવે હું ચૂપ નહીં રહું’નું વિમોચન તા. ૧૯-૭-૨૦૧૯ના રોજ ટાઉનહોલ ખાતે થશે. ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ પંકજ ભટ્ટ, સભ્યસચિવ જયોતિષ ભટ્ટ, નાટયકાર પ્રકાશ લાલા, દોલત ભટ્ટ અને સાહિત્ય સભાના ઉપાધ્યક્ષ સંજય થોરાત આ પ્રસંગે હાજર રહેશે.

ગાંધીનગર સાહિત્યસભાના સહયોગથી હસમુખ મેકવાન દિગ્દર્શિત નાટક ‘વરુ જોડે એક રાત’નો શો પણ તા. ૧૯-૭-૨૦૧૯ને શુક્રવારના રોજ આયોજિત કરવામાં આવ્યો છે એની સાથે જ આ પુસ્તક વિમોચનનો કાર્યક્રમ પણ યોજાશે.

પર્યાવરણ જાગૃતિ કથાઓ, બાળકથાઓ, વાર્તાસંગ્રહો સાથે લગભગ ૪૭ પુસ્તકો આપી ચુકેલા નટવર હેડાઉ ‘હવે હું ચૂપ નહીં રહુ’ બાળિકશોર નાટકોનો સંગ્રહ લઈને આવી રહ્યા છે. સૌ સાહિત્યપ્રેમીઓને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા ખાસ આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ચિરવિદાય

● સ્વ. શાહ રેણુકાબેન હરેશકુમાર, ઉ.વ. ૭૨
● સ્વ. રબારી પરાગભાઈ લીલાભાઈ, ઉ.વ. ૨૮
● સ્વ. રબારી બાસીભાઈ હિરાભાઈ, ઉ.વ. ૭૫
● સ્વ. પરમાર પસાજી બબાજી, ઉ.વ. ૬૮
● સ્વ. શૈલેષકુમાર મોતીભાઈ હરસીદ્ધિયા, ઉ.વ. ૩૩